# Joint Press Release on the occasion of 7th India-Suriname Joint Commission Meeting

December 02, 2020

## 7મી ભારત-સુરિનામ જોઇન્ટ કમિશન મીટિંગનાં અવસર પર સંયુક્ત પ્રેસ રીલીઝ

ડીસેમ્બર 02, 2020

1. રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી વી. મુરલીધરન અને સુરિનામ ગણરાજ્યનાં વિદેશી બાબતો, આંતરરાષ્ટ્રિય વ્યાપાર અને આંતરરરાષ્ટ્રિય સહકાર મંત્રી મહામહિમ એમ્બેસેડર આલ્બર્ટ આર. રામદિનની સહ-અધ્યક્ષતામાં 2 ડીસેમ્બર 2020 નાં રોજ 7મી ભારત-સુરિનામ જોઇન્ટ કમિશન મીટિંગ (JCM) વર્ચ્યુઅલી યોજવામાં આવી હતી. આ ચર્ચાઓ ભારત-સુરિનામનાં મૈત્રીપૂર્ણ સંબંધોની પૃષ્ઠભૂમિમાં સ્નેહપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવી હતી.

2. બન્ને મંત્રીઓએ રાજકીય સંવાદ ગહન બનાવવા, દ્વિપક્ષિય જોડાણોની સમીક્ષા કરવા, અને પ્રાંતિય તેમજ બહુપક્ષિય સહકાર પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કરવામાં આ યંત્રણાની અગત્યતા પર ભાર મૂક્યો હતો.

3. બન્ને પક્ષોએ સંતુષ્ટિ સાથે નોંધ લીધી હતી કે મજબૂત સાંસ્કૃતિક અને ઐતિહાસિક બંધનો ધરાવતા ભારત-સુરિનામ સંબંધો હાર્દિક સ્નેહ અને સમજણની ઉચ્ચ માત્રા અને શ્રેણીબદ્ધ મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની સમાનતા દ્વારા અંકિત થયેલા છે. મંત્રીઓ અન્ય બાબતો સાથે રચનાત્મક ઉદ્યોગોની સ્થાપના, આરોગ્ય, દવાની પરંપરાગત પ્રણાલી, કૃષિ, ખાણકામ, ઊર્જા, સંરક્ષણ, સંસ્કૃતિ અને શિક્ષણ, રાજદ્વારી સહકાર અને વિકાસાત્મક ભાગીદારી તરફ સહકાર વધારવાનાં અને લોકોથી લોકો વચ્ચેનાં જોડાણો મજબૂત કરવાનાં ધ્યેય સાથે વ્યાપાર અને રોકાણનાં ક્ષેત્રોમાં દ્વિપક્ષિય સંબંધોમાં નવો વેગ લાવવા સંમત થયા હતા.

4. બન્ને મંત્રીઓએ દક્ષિણ-દક્ષિણ સહકારની ભાવનામાં લાઇન ઑફ ક્રેડિટ્સ સહિત છૂટની પરિસ્થિતિઓ અંતર્ગત વિકાસાત્મક પરિયોજનાઓ હાથ ધરવાની અગત્યતાનો સ્વિકાર કર્યો હતો. તેઓએ નોંધ લીધી હતી કે સુરિનામ સાથે ભારતની વિકાસાત્મક ભાગીદારી પાવર જનરેશન અને ટ્રાન્સમિશન નેટવર્ક, સામાન્ય પૂરવઠો અને પાણીનાં પૂરવઠા સહિત વિશાળ શ્રેણીમાં ક્ષેત્રોને આવરે છે. તેઓ સુરિનામનાં ઊર્જા સંરક્ષણ, ઊર્જા કાર્યક્ષમતા અને ઊર્જા મિશ્રણમાં યોગદાન આપતી આયોજન થયેલી પરિયોજનાઓનાં વહેલા અમલીકરણ તરફ આગળ મીટ માંડી રહ્યા છે.

5. મંત્રીઓએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં સુધારાઓ સહિત બહુપક્ષિય મંચોમાં પારસ્પરિક સમર્થન પ્રદાન કરવાની તેઓની કટિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

6. મંત્રીઓએ દ્વિપક્ષિય સંબંધોને વધારે મજબૂત કરવા અને વિસ્તરણ કરવા માટે વિવિધ મુદ્દાઓ પર જોઇન્ટ કમિશનની યંત્રણા મારફત નિકટતા સાથે ભેગા મળીને કાર્ય કરવાનું ચાલું રાખવાનો સંકલ્પ લીધો હતો.

7. તેવી સંમતિ થઇ હતી કે આગામી જોઇન્ટ કમિશનની મીટિંગ (JCM) પારસ્પરિક રીતે સાનુકૂળ તારીખ પર પારામારિબોમાં 2022 માં યોજવામાં આવશે.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 02, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.